## વાત-વાતમાં.....

- અંગ્રેજી નૂતન વર્ષ ૨૦૨૦નો પ્રથમ માસ જાન્યુઆરી ચાલી રહ્યો છે અને શહેરમાં નવા વર્ષના કેલેન્ડરની બોલબાલા ચાલી રહી છે. સરકારી કચેરી હોય કે ખાનગી દુકાનો-શૉ રૂમ કે અન્ય સંસ્થાઓ દરેક જગ્યાએ નવા કેલેન્ડર “નિઃશુલ્ક” પ્રાપ્ત કરવા શહેરીજનો નીતનવા કિમીયા અજમાવતા જોવા મળી રહ્યાં છે.
- શહેરના ઘ-૪ સર્કલની ભૌગોલિક સ્થિતિ દરરોજ બદલાઈ રહી છે. જેના કારણે અહીંથી નિયમિત પસાર થતાં વાહનચાલકો પણ વારંવાર અવઢવમાં મુકાઈ રહ્યાં છે. વળી શહેરમાં મહિનાઓ કે વર્ષથી વધુના સમયે બહારગામથી આવેલા વાહનચાલકો તો ઘ-૪ સર્કલે રીતસર ગોથે ચડતાં જોવા મળી રહ્યાં છે.
- શહેરના ઘ-૪ સર્કલ નજીક ગુજરાત સરકાર સંચાલિત સલામત સવારીની એક એસટી બસ રસ્તા વચ્ચે ખોટકાવા પામી હતી. રસ્તાની વચ્ચોવચ્ચ ખોટકાયેલી એસટી બસ લાંબો સમય રસ્તા વચ્ચે પડી રહેતા અન્ય વાહનચાલકોને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.
- શહેરમાં યુનિવર્સિટીઓના પદવીદાન સમારોહની મૌસમ ચાલી રહી છે. પાટનગરમાં ૧૯ યુનિવર્સિટીઓ કાર્યરત છે જે પૈકી આઈઆઈટીઈ, જીટીયુ તથા કામધેનુ યુનિવર્સિટીના પદવીદાન યોજાઈ ચુક્યા છે જ્યારે ધીરૂભાઈ અંબાણી યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ શનિવારે યોજાનાર છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




છાનામાના નાહી લો,... નિર્જળા-પોષ મહિનો કરવો છે એવું બહાનું કાઢીને નહાવાનું બંધ કરો એવું નહિ ચાલે...

# ૧૦ હજારનું મોન્ગોન્ગો નટ્સનું પેકેટ ૧.૯૦ લાખમાં

## ઠગ ટોળકીએ ફરીયાદીને ૫૦.૬૮ લાખનો ચુનો ચોપડ્યો

ગાંધીનગર,તા.૧૭

સોશિયલ મિડીયા થકી મિત્ર બનેલી વિદેશી યુવતિની લોભામણી વાતોમાં આવીને પૈસા કમાવવાની લાલચમાં સેકટર-૨૬ ના એક નાગરીકે રૂ.૫૦.૬૮ લાખ ખોવાનો વારો આવ્યો છે. રૂ.૧૦ હજારના ભાવે મળતા મોન્ગોન્ગો વાઈલ્ડ નટ્સનું એક પેકેટ છેંતરપિંડીવાળી ટોળકીએ રૂ.૧.૯૦ લાખમાં નાગરીકને લેવડાવ્યું હતું. સેકટર-૨૬ ના નાગરીકે રૂ.૧.૯૦ લાખના હિસાબે મોન્ગોન્ગો નટ્સના ૩૫ પેકેટની ખરીદી કરતા રૂ.૫૦,૬૮,૪૨૫ રૂપીયા ગુમાવવાનો વારો આવ્યો છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મુળ ઉતરપ્રદેશના અને હાલ સેકટર-૨૬ સુર્યનારાયણ સોસાયટી ખાતે રહેતા અને સેકટર-૨૮ જીઆઈડીસીમાં કલ્પતરુ પાવર ટ્રાન્સમીશન લી.મી. કંપનીમાં ઓડીટર તરીકે ફરજ બજાવતા વિજયપ્રકાશ રમાશંકર શુક્લ (૪૨ વર્ષ) ને ઠગ ટોળકીએ વિજયપ્રકાશે ખરીદેલા પેકેટ અઢી ગણા ભાવે વેચાણ કરી આપશે તેમ કહ્યું હતું. જો કે રૂપીયા મળતા જ ઠગ ટોળકીએ ફરીયાદી સાથે સંપર્ક કાપી નાંખ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ ડિસેમ્બર ૨૦૧૮માં ફરીયાદીના ફેસબુક પર એમીલી જોન્સન નામની યુવતિની ફ્રેન્ડ રીકવેસ્ટ આવી હતી. જે ફરીયાદીએ સ્વીકારતા એફબી પર વાતચીત શરુ કરી હતી. એમીલીએ પોતે યુકે ખાતે સ્પેશિયાલીસ્ટ હેલ્થકેર ફાર્મા કંપનીમાં પર્ચેજ મેનેજર હોવાનું જણાવ્યું હતું. તેણે ભાગીદારીમાં મોન્ગોન્ગો વાઈલ્ડ નટ્સ ઓછા ભાવની ખરીદી કરીને પોતાની જ કંપનીમાં ઉંચા ભાવે વેચવાની લાલચ આપી હતી. યુવતિએ ફરીયાદીને બજારમાંથી રૂ.૧.૯૦ લાખમાં ખરીદેલા નટ્સના પેકેટ રૂ.૪.૫૫ લાખમાં વેચવાનું કહ્યું હતું. જેને પગલે તેના કહેવાથી ફરીયાદીએ કંપનીના મેઈલ પર કોટેશન મોકલાવ્યું હતું. કોટેશન મોકલતા જ કંપનીના ડિરેકટર મીસ્ટર ડેવીડ ટામ નામથી કોટેસન સ્વીકારતો મેઈલ આવ્યો હતો. ત્યારબાદ યુવતિએ આપેલા નંબર પર ફરીયાદીએ ફોન કરતા સંદિપ હુડા નામથી શખ્સે ૪૦૦ ગ્રામના સીડ્સનું પેકેટ રૂ.૧.૯૦ ના ભાવે આપવાની વાત કરી હતી. જેથી પ્રારંભિક તબક્કામાં ફરીયાદીએ થોડા જ પેકેટની ખરીદી કરી હતી. ફાર્મા કંપનીમાં સેમ્પલ પાસ કર્યા બાદ ઓર્ડર આપવાની વાત કરીને ફરીયાદીને બેંગાલુરૂ બોલાવ્યા હતા.

જયાં મેકસ જેસી હુગો નામનો નાઈજીરીયન સમેપલના બે પેકેટ લઈ ગયો હતો. સાંજે ફરીયાદીને ફોન કરીને સેમ્પલ યોગ્ય હોવાનું કહીને ૨૫ પેકેટનો ઓર્ડર આપ્યો હતો. ૨૫ પેકેટ ખરીદી કર્યા બાદ કંપનીનો સંપર્ક કરતા ૩૫ પેકેટ તૈયાર રાખવાનું કહેતા ફરીયાદીએ ૩૫ પેકેટ ખરીદી કરીને કંપનીનો સંપર્ક કરતા૪૫ પેકેટ આપવાની વાત કરતા તેમને શંકા ગઈ હતી. જેને પગલે ફરીયાદીને પોતાને શંકા જતા પોતે રૂ.૧.૯૦ લાખમાં લીધેલું મોન્ગોન્ગો નટ્સનું પેકેટ ખરેખર માર્કેટમાં રૂ.૧૦ હજારમાં મળતુ હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી ફરીયાદીએ તાત્કાલીક સંદીપ હુડાને પેકેટ પરત લઈ લેવાનું કહેતા તમામ લોકોએ સંપર્ક બંધ કરી દીધો હતો. આ કેસમાં સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદીએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી



- કેન્દ્રના રેલવે મંત્રી ગઈકાલે રાત્રે ગાંધીનગર આવ્યા હતા અને રેલવે સ્ટેશનની મુલાકાત લઈ અધિકારીઓ સાથે બેઠક પણ મહાત્મા મંદિર ખાતે કરી હતી.
- ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલના ધર્મપત્નીની તબિયત અતિ નાજુક બની છે.
- ગાંધીનગર જિલ્લાના નિર્દિષ્ટ વિસ્તારોમાં વિકાસના કામો માટે આજે ખાસ બેઠક કલેક્ટર કચેરી ખાતે મળી હતી.
- ‘ક’ રોડ ગોકુલપુરા-નારાયણનગર-દ્વારકેશ રોડ પાસેના ગેપ ઈન મીડીયમ પર લાઈટના થાંભલા અને સ્પીડબ્રેકર મુકવા સીટી ઈજનેરે ગુડાને પત્ર લખી સૂચવ્યુ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ મંગુબેન શ. પટેલની દિકરી અંજલિના આજે યોજાયેલ લગ્ન સમારોહમાં જિલ્લા અને રાજયના આગેવાનો હાજરી આપનાર હોઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળની સામાન્ય સભામાં નગરના પ્રશ્નોને વાચા આપવાનું ચાલુ રાખવા અપીલ કરાઈ

ગાંધીનગર, તા.૧૭

શહેરની જાણીતી સંસ્થા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ કે જે શહેરીજનો માટે હિતકાર્ય કરે છે આ સંસ્થાની સામાન્ય સભા તા. ૧૧ જાન્યુઆરીના રોજ સંસ્થાના પ્રમુખ અરૂણ બુચના અધ્યક્ષપદે યોજાઈ હતી.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા રેનબસેરાની રજુઆતનો સ્વીકાર, નગરના સ્થાપના દિનની ઉજવણી, સ્વાતંત્ર્ય પર્વ, મહાનુભાવોના જન્મદિનની ઉજવણી, અઢારસો જેટલા પરબવિહોણા પક્ષીઓની તરસ છિપાવવી, ૨,૭૧,૮૦૦ ઉઘાડા પગા જરૂરિયાતમંદોની ચરણસેવા, આંખ ચકાસણી, માર્ગ સલામતી માર્ગદર્શન, ૫૫૦૦ પત્રો દ્વારા રાજય સરકારને રજુઆત, અત્યાર સુધી ૯૦૦૦ ઉપરાંત પત્રો દ્વારા ભારત સરકારને રજુઆત, રેલ્વે સુવિધા માટે પત્રો અને મુલાકાતો દ્વારા રજુઆત જેવી અનેક પ્રવૃત્તિ કરવામાં આવે છે. આ પ્રવૃત્તિને ઉપસ્થિત સર્વે દ્વારા બિરદાવવામાં આવી હતી.

આ સામાન્ય સભામાં એમ. નાયક, બી.એ. શુકલ, દિનેશસિંહ ચાવડા, જશવંતભાઈ ગાંધી, મુકેશભાઈ શુકલ, ઉદવસિંહ મકવાણા, બી.પી. પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કશ્યપભાઈ મહેતા દ્વારા હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. સામાન્ય સભાનું સંચાલન તથા વ્યવસ્થાપન શશીકાંત મોઢા, કિશોર જીકાદરા, પ્રદિપભાઈ, ભાનુભાઈ દવે, સુધીર દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સભામાં ઉપસ્થિત સર્વે કાર્યકરો દ્વારા નગરના પ્રશ્નોને વાચા આપવાનું ચાલુ રાખવા અપીલ કરવામાં આવી હતી.

## ગુજરાત અર્બન સ્કિલ ડેવલપમેન્ટ મિશનના ભળતા નામે જાહેરાત આપી છેતરપિંડી કરનાર ચાર ઝડપાયા

ગાંધીનગર, ત.૧૭

ગુજરાત અર્બન સ્કિલ ડેવલપમેન્ટ મિશન જેવા ભળતા નામે પેપરમાં બનાવટી જાહેરાત આપી નોકરી ઈચ્છુક યુવક-યુવતિઓ સાથે છેંતરપિંડી કરનાર પાટણના ચાર શખ્સોને ગાંધીનગર એલસીબી-૨ની ટીમે પકડી પાડ્યા છે. પોલીસે ચારેય આરોપીને પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



ગત તા.૨ જાન્યુઆરીના રોજ પેપરમાં જાહેરાત આવી હતી. જેમાં ગુજરાત અર્બન સ્કિલ ડેવલપમેન્ટ મિશનના નામે ભરતી માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી.જેમાં વેબસાઈટ જી.યુ. એસ.ડી. એમ.ડોટ ઓઆરજી ડોટ ઈન પર અરજી કરવાનું કહેવામાં આવ્યું હતું. વેબસાઈટ જોતા કચેરીનું સરનામું, પ્રોજેકટની લગતી વિગતો,પોલીસી તેમજ આરટીઆઈ મેન્યુઅલ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન (જીયુડીએમ) વિભાગને લગતી જોવા મળી હતી. જેથી આ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. આ બનાવમાં એલસીબી-૨ પોલીસ મથકના પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમે તપાસ આરંભી હતી.જેમાં જાહેરાત આપનારના મોબાઈલ નંબરનો સંપર્ક કરતા ડમી નંબર નીકળ્યો હતો.જેથી પોલીસે જાહેરાતના પૈસા જે બેંકમાં જમા થયા હતા. ત્યાં સીસીટીવી કેમેરા ચેક કરીને તેમજ મોબાઈલ સર્વેલન્સના આધારે શકમંદો નક્કી કરી સોશિયલ મિડીયા સર્વેલન્સ કરી હ્યુમન ઈન્ટેલીજન્સ થકી પાટણના કેવલકુમાર જશવંતલાલ ઠક્કર, ધર્મેન્દ્રકુમાર રમણલાલ રાજગોર, રાજ અનિલભાઈ જોશી અને હિતેન્દ્રકુમાર રમેશજી ઠાકોરને પકડી પાડ્યા હતા. ચારેય આરોપીઓ પાટણ ખાતે વેબસાઈટ અને સોફટવેર બનાવવાના વેપાર સાથે સંકળાયેલા છે. જેને પગલે કોમ્પ્યુટર અને હાર્ડવેરના જાણકાર હોવાથી ભેગા મળીને રૂપીયા કમાવવા માટે ગુજરાત અર્બન ડેવલોપમેન્ટના ભળતા નામવાળી વેબસાઈટ બનાવી ડોમેઈન રજીસ્ટર કરાવી સર્વર ભાડેથી લીધુ હતું. જયારે આરોપીઓએ ખોટુ બેંક એકાઉન્ટ ખોલાવતા ૩૦૦ ઉમેદવારોએ રૂપીયા જમા કરાવ્યા હતા. જયારે ચારમાંથી ત્રણ આરોપી એમસીએનો તો ચોથા આરોપીએ બીકોમ સુધીનો અભ્યાસ કરેલો છે. પોલીસે આરોપીઓની અટકાયત કરીને રિમાન્ડ માંગતા કોર્ટ દ્વારા તા.૨૪ મી સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશનની કારોબારી સોમવારે યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરની કારોબારી બેઠક પ્રમુખ બી.પી. પરમારના અધ્યક્ષસ્થાને ઉપપ્રમુખ પી.જે. રાઠોડના નિવાસસ્થાન શિવમ સોસાયટી, સેકટર-૨૭, ગાંધીનગર ખાતે ૨૦મી જાન્યુઆરીને સોમવારે સાંજે ચાર વાગે યોજાશે.

# કામધેનુ યુનિવર્સિટીનો છઠ્ઠો પદવીદાન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

“ગૌ-માતા રસ્તે રઝળતી રહે તે આપણા માટે દુર્ભાગ્યની વાત છે, ગૌ-માતાના યોગ્ય સંવર્ધન સહિત




તમામ દુધાળા પશુઓની પ્રજાતિનો યોગ્ય વિકાસ કરી વધુ ઉત્પાદક બનાવવા જોઈએ અને તે જવાબદારી કામધેનુ યુનિવર્સિટીના અધ્યાપકો-વિદ્યાર્થીઓ સાથે મળીને પશુપાલકો-ખેડૂતોને સાંકળીને ઉપાડી લે તો રાષ્ટ્રના વિકાસમાં અનેરૂ યોગદાન બનશે.” આજે આ શીખ રાજ્યના રાજ્યપાલ તથા તમામ યુનિવર્સિટીના ચાન્સેલર આચાર્ય દેવવ્રતે કામધેનુ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં આપી હતી.

આજે કામધેનુ યુનિવર્સિટી દ્વારા છઠ્ઠો પદવીદાન સમારોહ ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પશુ સુધારણા અને પશુ આધારિત કૃષિ ટેકનોલોજી માટે પ્રવૃત થવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે એનીમલ હસબન્ડરી વિભાગના સચિવ મનિષ ભારદ્વાજ અને જીસીએમએમએફ અમુલના સીઈઓ કિશોરસિંહ ઝાલાએ પણ ઉપસ્થિત રહી પ્રસંગોચિત ઉદ્બોધન કર્યા હતા. કાર્યક્રમના પ્રારંભે ઉપ કુલપતિ ડૉ. એન.એચ. કેલાવાલાએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ જ્યારે રજીસ્ટ્રાર મનીષ ગુપ્તાએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. સમારોહમાં સ્નાતક, અનુસ્નાતક વિદ્યાર્થીઓને પદવી તથા મેડલ એનાયત કરાયા બાદ રાજ્યપાલના હસ્તે અમદાવાદના અંધજન મંડળને ૨૧ હજારનો ચેક એનાયત કરાયો હતો તથા વિવિધ પ્રકાશનોનુ વિમોચન કરાયું હતું.

## સામાજિક ન્યાય અને અધિકારીતા પર ‘નાણાં’નો વિજય

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટ અંતર્ગત નાણાં વિભાગે શૈલેષ પ્રજાપતિના ૩૯ રનની મદદથી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને ભારે રસાકસી બાદ પરાજય આપ્યો હતો. જેમાં નાણાં વિભાગે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૫૩ રન ફટકાર્યા હતા. જેમાં શૈલેષ પ્રજાપતિએ પાંચ બાઉન્ડ્રી, ભાવિન મોદીએ બે બાઉન્ડ્રી અને એક સિકસર અને વૈભવ મોડે ૩ બાઉન્ડ્રી ફટકારી હતી. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની ટીમના બોલરો પ્રદિપ, હેમન, રાજેશ અને જયમીને ૧-૧ વિકેટ ઝડપી હતી. નાણાં વિભાગની ટીમના બોલર ઈમરાન પઠાણ, સંદિપસિંહ ચાવડા અને વૈભવ મોડની જોરદાર બોલીંગ અને ૧-૧ વિકેટના લીધે સામાજીક ન્યાય અને અધિકારીતાની ટીમે ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૧૪૨ રન બનાવતા તેનો પરાજય થયો હતો. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના બેટસમેન દિગ્વીજય કુમ્પાવત આઠ બાઉન્ડ્રીની મદદથી ૬૯ રને નોટ આઉટ રહ્યા હતા.

## પેથાપુર ખાતેના સેવાસેતુમાં ૧૪૦૦થી વધુ અરજીઓનો હકારાત્મક નિકાલ

ગાંધીનગર તાલુકાની પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં આજે સેવાસેતુનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સેવાસેતુમાં ૧૪૦૦થી વધુ અરજદારોની રજુઆતોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો.



આજે ગાંધીનગર જિલ્લાતંત્ર દ્વારા પેથાપુર નગરપાલિકા વિસ્તારના સેવાસેતુ કાર્યક્રમ દરમ્યાન ૧૨૫ થી વધુ લોકોને આવકના દાખલા, ૨૮૮ જેટલા સાત-બારના ઉતારા ઉપરાંત મા વાત્સલ્ય કાર્ડ ૫૬ ને, ૨૨ ને આધાર કાર્ડ, ૧૪ ને લર્નીંગ લાયસન્સ તેમજ ૧૫ જેટલી વ્યક્તીઓને રેશનીંગ કાર્ડમાં સુધારાની અરજીઓનો તંત્રની ટીમ દ્વારા હકારાત્મક ઉકેલ આપવામાં આવ્યો હતો.

પાંચમા તબક્કાના આ સેવાસેતુમાં લોકોનો ઉત્સાહ ઓછો જરૂર થયો છે પરંતુ સેવા ઝડપથી મળી રહી હોવાનો સંતોષ પણ લોકો અનુભવી રહ્યા છે.

આજના આ સેવાસેતુની પ્રાંત અધિકારી ભોરણિયા, મામલતદાર સુધીર રાવલ, ચીફ ઓફિસર નગરપાલિકા તેમજ ચૂંટાયેલી પાંખના સભ્યોએ મુલાકાત લઈ સેવાસેતુમાં ઝડપી સેવા આપતા કર્મયોગીઓને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યુ હતુ.

# બીએસએફ ભરતીમાં ખોટા સર્ટી રજુ કરતા ત્રણ ઉમેદવારો સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર - ચિલોડા માર્ગ પર આવેલી બીએસએફ ખાતે ચાલી રહેલી એસએસસી કોન્સ્ટેબલ જીડીની ભરતી પ્રક્રિયામાં ત્રણ ઉમેદવારો ખોટા સર્ટી રજુ કરતા ત્રણ શખ્સો ઝડપાયા છે. ડોક્યુમેન્ટ વેરીફિકેશન સમયે ઝડપાઈ ગયેલા ત્રણ ઉમેદવારો સામે ચિલોડા પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ બીએસએફ રાજસ્થાન સ્થિત કેમ્પ ખાતે કમાન્ડેન્ટ તરીકે ફરજ બજાવતા દિપક કાંડપાલે ચિલોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ મુજબ કોન્સ્ટેબલ જી.ડીની ભરતી પ્રક્રિયામાં હાલ મેડીકલ તપાસની અને ડોક્યુમેન્ટ વેરીફિકેશનની કામગીરી ચાલી રહી છે.

જયાં તેઓ હાલ પ્રિસાઈન્ડિંગ ઓફિસર તરીકે ફરજ બજાવી રહ્યા છે. ફરજના સમય દરમિયાન ત્રણ ઉમેદવારોના ડોક્યુમેન્ટ અંગે શંકા જતા તેઓનુ નામ પુછતા રોહિતાશ જશબીર તેમજ વિનોદ બહાદુરસિંગે પોતે નડીયાદના હોવાનું જયારે સચિન વિજયપાલ જાટે પોતે ગાંધીનગરનો હોવાનું જણાવ્યું હતું.

જો કે ત્રણેય ઉમેદવારોને ગુજરાતી ભાષા આવડતી ન હતી. તેઓની પાસે રહેલા ડોજીપર્સ ચેક કરતા અંદરથી રાજસ્થાન અને હરીયાણાની માર્કશીટો મળી આવી હતી. જયારે તેઓએ રજુ કરેલા ડોમીસાઈલ સર્ટી તેમજ કાસ્ટ સર્ટી ગુજરાતના હતા.જેથી તેઓની પુછપરછ કરતા તેઓએ ગુજરાતમાં ન રહેતા હોવાનું તેમજ ગુજારત કવોટામાં ભરતી થવા માટે ખોટા સર્ટિફિકેટ લાવ્યા હોવાની કબુલાત કરી હતી. જેને પગલે ત્રણેય ઉમેદવારોને ખાટો સર્ટી સાથે ચિલોડા પોલીસ મથકને સોંપવામાં આવ્યા હતા.



જાહેરમાં કચરો બાળવા પર પ્રતિબંધ છે. જો કે આ નિયમનું પાલન થતુ હોય તેવુ લાગતુ નથી. સફાઈ કર્મચારીઓ દ્વારા જ તેનો છડેચોક ભંગ થાય છે. સેકટર-૨૧માં શાકમાર્કેટ જવાના માર્ગે સફાઈ કર્મચારીઓ જ જાહેરમાં કચરો સળગાવતા નજરે ચઢે છે.

# ગાંધીનગરમાં ૨૪મો ગુજરાત રૂદ્રાક્ષ મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૭

અમદાવાદમાં વિશ્વ પ્રસિદ્ધ સંસ્થા રૂદ્રલાઈફ, મુંબઈ દ્વારા અલભ્ય રૂદ્રાક્ષનું પ્રદર્શન કમ સેલનું આયોજન કરવામાં આવ્યું છે. રૂદ્રલાઈફ સંસ્થા દ્વારા વિશ્વભરમાં ૯૦૦થી પણ વધારે સફળ રૂદ્રાક્ષનું પ્રચાર અને પ્રસાર પ્રદર્શન થયેલું છે. આ પ્રદર્શનમાં ૧ થી ૧૪ મુખી રૂદ્રાક્ષની સિદ્ધમાળા, અનન્ય ઈન્દ્રમાળા જેન્યુઈન કલેક્ટર ૧ થી ૨૧ મુખી બીડ્સ તથા સ્ફટીકમાળાનું અદ્‌ભૂત કલેક્શન ઉપલબ્ધ રહેશે.

અત્યારક સુધીમાં સૌ પ્રથમવાર રૂદ્રલાઈફ દ્વારા ગુજરાત રૂદ્રાક્ષ મહોત્સવ નિમિત્તે ખાસ આકર્ષક કિંમતો રજુ કરવામાં આવી છે. આખા વર્ષાં એકજ વાર આપણા શહેરમાં ખાસ કિંમતનો લાભ રૂદ્રલાઈફ દ્વારા અપાશે તેવી પ્રથમ પહેલ છે. ભારતભરમાં એકમાત્ર રૂદ્રલાઈફ સંસ્થા જી ૯૦૦૧-૨૦૧૫ લેબ ટેસ્ટેડ, સર્ટીફિકેટ સાથે રૂદ્રાક્ષ ઉપલબ્ધ કરાવે છે. આપના હેલ્થ પર્સનાલીટી તથા ગ્રોથ માટે તજજ્ઞ તનય સીઠાની નિષ્ણાત ટીમ દ્વારા રૂદ્રાક્ષ કોમ્બીનેશન અંગે માર્ગદર્શન મળશે. આપના જુના રૂદ્રાક્ષની ચકાસણી પણ વિના મૂલ્યે કરી આપવામાં આવે છે. નિષ્ણાંત કારીગરો આપના કોમ્બીનેશન મુજબ સ્થળ ઉપર જ માળા બનાવી આપે છે. રૂદ્રાક્ષની પૂજા-અભિષેક એકઝીબેશન સ્થળ ઉપરજ કરવામાં આવે છે. ગાંધીનગરમાં ૨૪મો ગુજરાત રૂદ્રાક્ષ મહોત્સવ તા. ૧૮ થી ૨૨ જાન્યુઆરી માત્ર ૫ દિવસ માટે જ પથીકઆશ્રમ, કોર્પોરેટ હોલ, એસ.ટી. બસસ્ટેન્ડની પાસે, સે. ૧૧, જીએ-૩, સર્કલ સવારે ૧૦ થી રાત્રે ૮ વાગ્યા સુધી ખુલ્લો રહેશે. મો. નં. ૯૩૨૨૭૯૧૨૧૮

રૂદ્રલાઈફ દ્વારા રૂદ્રાક્ષ થેરાપીના ઉપચારની પાંચ મેડીકલ પેટર્ન રજીસ્ટર્ડ કરાવવામાં આવેલી છે. નાસીક, ત્રંબકેશ્વર ખાતે ભારતનું સર્વ પ્રથમ રૂદ્રાક્ષ મ્યુઝીયમ રૂદ્રલાઈફ દ્વારા પ્રસ્થાપીત કરવામાં આવી રહ્યું છે. રૂદ્રાક્ષની સંપૂર્ણ માહિતીના ખજાના સમાન પુસ્તક ‘પાવર ઓફ રૂદ્રાક્ષ’ અંગ્રેજી અને હિન્દી ભાષામાં રૂદ્રલાઈફ દ્વારા રજુ કરાયેલ છે.